ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૮-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

## નાપાક હરકતોનું પરિણામ

આખરે નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને પણ અળવીતરા પાડોશી સાથે અબોલા લેવાની નોબત આવી જ ગઇ! વડાપ્રધાન પદના શપથ સમારોહમાં પાકિસ્તાનના વડાપ્રધાનને માનભેર નોતરી નરેન્દ્ર મોદીએ અટવાયેલા સંબંધોના પુનઃસ્થાપનની પ્રામાણિક કોશિશ કરી જોયેલી. બેઉ વડાપ્રધાનોએ પરસ્પર એકબીજાની માતા માટે લાગણીસભર ભેટ મોકલાવીને આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રકારનો ઉમળકો ચૂંટણી પ્રચાર વખતે દર્શાવેલ કઠોર વાણીવિલાસથી તદ્દન વિરૂદ્ધ દિશાનો હતો, છતાં પાડોશી ધર્મની રૂએ આપણી ઉદાર મનોવૃત્તિ ધરાવતી પ્રજાએ એની સામે ઉહાપોહ નહોતો કર્યો. અલબત્ત, સત્તા ગુમાવી ચૂકેલા કોંગ્રેસ-સપા જેવા વિપક્ષી પરિબળો જરૂર સમસમી ગયાં હતા. બિરયાની જમાડવાનો મૂળ મોદીબ્રાન્ડ મુદ્દો પણ બૂમરેંગ થયો હતો. પરંતુ વડાપ્રધાન તરીકે મોદી પાડોશી સાર્ક રાષ્ટ્રોના મજબૂત નેતા સ્વરૂપે ઊપસી આવે તો દેખીતી રીતે જ દુનિયાના ચોકમાં ભારતની ઈજ્જત વધે, એવી સાદી સમજણ પ્રજામાનસમાં પ્રગટી રહી હતી. પરંતુ પાકિસ્તાન જેનું નામ! એણે એની અવળચંડાઇ ચાલુ જ રાખી, તે એ હદે કે યુપીએ સરકાર વખતે થતાં એથી પણ વધુ છમકલાં જમ્મુ અને કાશ્મીરની નિયંત્રણ રેખા પર થવા માંડ્યા. મોટી સંખ્યામાં ઘુસણખોરીની પણ ઘટનાઓ બનતી રહી. મોદીના કાશ્મીર પ્રવાસ ટાણે પણ સરહદ પર છમકલા થયાં તેમાં ભારતીય જવાનો મોટી સંખ્યામાં ઘાયલ થયા, કેટલાક શહીદ પણ થઇ ગયા. ટૂંકમાં, પાક વડાપ્રધાન નવાઝ શરીફ સુલેહ શાંતિની લોલીપોપ બતાવતા રહ્યા અને એમનું લશ્કર તથા આઇએસઆઇ રોજિંદા વ્યવહાર મુજબ ભારત સામે છદ્મયુદ્ધ લડતાં રહ્યાં. મોદી માટે આ પરિસ્થિતિ અસહ્ય બની ગઇ હતી. નાછૂટકે એમને મોઢું ખોલવું પડ્યું અને કહેવું પડ્યું કે પાકિસ્તાન ભારત સામે સીધી લડાઇ કરવાની ક્ષમતા ગુમાવી ચૂક્યું છે એટલે આવી નાપાક હરકતો દ્વારા - છદ્મયુદધ - પ્રોક્સીવોરની ગંદી રીત રસમો અજમાવે છે. મોદીનું આ નિવેદન એમની લેહ-લડાખ અને કારગિલ મુલાકાત વેળાએ આવેલું. એથી ભારતીય સેનાનું મનોબળ જરૂર વધ્યું હશે, પરંતુ પાકિસ્તાન ઊલટાનું વધારે ખિજવાયું હતું. આજપર્યંત પાકિસ્તાને કયારેય કબૂલ નથી કર્યું કે તે ઘુસણખોરી કરાવે છે અને આતંકવાદીઓને પ્રોત્સાહિત કરે છે. પાકિસ્તાન વળતું નિવેદન કરીને પોતાની નિર્દોષતાનાં ગાણાં ગાતું રહે છે. પાકિસ્તાન વળતું નિવેદન કરીને પોતાની નિર્દોષતાનાં ગાણાં ગાતું રહે છે. એ કહેતું રહે છે કે અમે પોતે ઘર આંગણે આતંકવાદનો ભોગ બનતાં જ રહીએ છીએ. પાકિસ્તનને ભારત સાથે સંબંધો સમધારણ કરવાની મુદલ ઈચ્છા નથી, એ સત્ય મોડું મોડું સંરક્ષણ મંત્રી અરૂણ જેટલીને હવે સમજાયું છે. યુપીએ સરકાર ન કરી શકી એવું સુલેહશાંતિનું કામ મોદીની ભાજપ સરકાર કરી બતાવશે, એવી અવધારણા ખોટી પડી છે. મોદીને આગામી ૨૫ ઓગસ્ટના દિવસે ઈસ્લામાબાદ ખાતે યોજાનારી વિદેશ સચિવ કક્ષાની મંત્રણા રદ કરવાની ફરજ પડી છે. લગભગ રોજને હિસાબે થતી નિયંત્રણ રેખાને ઉલ્લંઘનની ઘટનાઓ અને યુદ્ધવિરામના ભંગથી સેના પણ દેખીતી રીતે જ ચીડ અનુભવતી હોય. પરંતુ એથીય વધુ તો મનીષ તિવારી અને મીમ અફઝલ જેવા કોંગ્રેસના પ્રવકત્તાઓ કે દિગ્વિજયસિંહ જેવા નેતાઓ જે રીતે પાકિસ્તાન પ્રત્યે મોદીને અચાનક જાગી ઊઠેલા સદ્‌ભાવ વિશે ટીકા કરતા હતા તેથી પ્રસ્તાવિત વિદેશ સચિવ સ્તરની પરિષદ સામે પ્રશ્નાર્થ તો હતો જ. મોદીને જાણે ભાવતું'તું ને વૈદે બતાવ્યું - એમ ભારત ખાતેના પાક હાઇ કમિશનરે કાશ્મીરના અલગાવવાદી નેતાઓને સામે ચાલીને બોલાવીને આ મંત્રણા રદ કરવાનું નિમિત્ત પૂરું પાડી દીધું. હુરિયતના ગિલાની જેવા નતાઓ સાથે પાકિસ્તાનના હાઇકમિશનર ભારતની રાજધાનીમાં જ મંત્રણાનો કરે એનો અર્થ શું થાય? દેખીતી રીતે જ એ શિમલા કરાર અને લાહોર મંત્રણાના હાર્દની વિરૂદ્ધનું વર્તન ગણાય. વળી, પાકિસ્તાની રેન્જરોએ એમની નાપાક તોપામારાની હરકતો ચાલુ રાખી છે અને બીજી તરફ ચીની સૈનિકોએ લડાખમાં ૨૫ કિ.મી. અંદર સુધી ઘૂસી આવવાની હિંમત કરી છે. ભારત સરકારે મંત્રણા રદ કરી છે તે પછી પણ પાક હાઇ કમિશનરની કાશ્મીરના અલગતાવાદી નેતાઓ સાથેની મુલાકાતો ચાલુ છે! મોદી પાકિસ્તાન સાથેનાં સંબંધો મધુર બનાવવા વાજપેયી પ્રેરિત માર્ગ પર આગળ વધી આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ખ્યાતિ મેળવવા ઉત્સુક હતા, પણ પાકિસ્તાન એમને એવો જશ મળે એવું થોડું જ ઈચ્છતું હોય? જે પાકિસ્તાન દાઉદ જેવા ભારતનાં નંબર-વન દુશ્મનને અને હાફિઝ સઈદ જેવા આતંકવાદીઓના આકાને સંઘરીને બેઠું છે, તે ભારતની શાંતિ સુલેહવાળી સૂફિયાણી વાતોમાં આવે ખરું?






સ્વામિનારાયણ ગુરૂકુલ સે-૨૩ ખાતે કૃષ્ણજન્મોત્સવ પ્રસંગે સ્વામીનારાયણ સંપ્રદાય સંચાલિત ૬ શાળાનાં ૧૯૦ જેટલા ધોરણ ૫ થી ૧૨ ના બાળકોએ શ્રી કૃષ્ણ ભગવાનના બાળઅવતારથી લઈ યુવાન અવસ્થાનાં પ્રસંગોને લઈ નૃત્ય નાટિકા, રાસ ગરબા દ્વારા સુંદર રીતે રજુ કરી સમગ્ર વાતાવરણ ભકિતમય કરી દીધું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ સંતો મહંતોએ ઉપસ્થિત રહી આર્શીવાદ આપ્યા હતા. આજના ભૌતિક જીવનમાં મોરલ વેલ્યુનું મહત્વ સમજાવવા આ એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## અક્ષરા વાણિયા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગરની હિલવુડ સ્કુલની ધોરણ-૩ની વિદ્યાર્થીની કુ. અક્ષરા વાણિયાએ ૧૫મી ઓગષ્ટ-સ્વતંત્રતા



પર્વે ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને ઈન્ફોસીટી કલબના સંયુકત ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં આઠ વર્ષ સુધીની વય જૂથના બાળકોની સ્પર્ધામાં પર્યાવરણ લક્ષી સુંદર ચિત્ર દોરી પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

કુ. અક્ષરાએ બાળસહજ મનોભાવો અને મનોવેદનાને વ્યકત કરી વૃક્ષને કાપી રહેલા કઠિયારાની કુહાડીથી દ્રવિત થયેલ વૃક્ષ રડે છે અને 'મને ના કાપો, હું તમને ફળ, ફૂલ અને છાંયડો આપીશ' કહી આંસુ પાડે છે, તેવું ચિત્ર સર્જી, આજના બાળકના મનમાં પણ વૃક્ષનું શું મહત્વ છે? તેનું મનભાવન ચિત્ર સર્જ્યું હતું. કુ. અક્ષરા અપેક્ષા નટુભાઈ પરમારની દીકરી છે.

## સાબર કોલેજની વિદ્યાર્થીનીઓ નેપાળ પ્રવાસે જશે

ગાંધીનગર, તા.૧૯

ભારત સરકારના પડોશી દેશ સાથે સંબંધ સુધારવા અને વધારવા અનોખા પગલા રૂપે શ્રી નરેન્દ્ર મોદી નેપાળ પ્રવાસે ગયા હતા નેપાળ સાથે દ્વિપક્ષીય આર્થિક સુધારણા તથા રાજકીય સંબંધોમાં મિત્રતા વધારવાના ભાગરૂપે નેપાળના પુરગ્રસ્તોની મદદ માટે આર્થિક સહાય કરી છે. સાથે સાથે બંને દેશના સંબંધો સૌહાર્દ પૂર્ણ બની રહે તે માટે તેઓ પ્રયત્નશીલ છે.

પ્રધાનમંત્રીશ્રીના પગલાંથી પ્રેરાઈને સાબર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સની ૩૫ વિદ્યાર્થીનીઓ માટે અધ્યાપક ગણ સાથે નેપાળની શૈક્ષણિક તથા સાંસ્કૃતિક ટુરનું આયોજન કરવામાં આવેલ છે.

સદર પ્રવાસ ૨૫ ઓગસ્ટથી શરુ થશે. પ્રવાસમાં વિદ્યાર્થીઓ કાઠમંડુ, પોખાર, ધારપુર સ્થળોની મુલાકાત લેશે. આ ઉપરાંત પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ નેપાળના ઉદ્યોગ જગતની મુલાકાત લેશે. જેમાં બૌધ્ધિક મેડીટેશનનો અભ્યાસ કરશે. નેપાળના સાંસ્કૃતિક વારસાને સમજશે અને પર્વતારોહણ કરશે. ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી કરશે ઉપરાંત નેતૃત્વવિકાસની વિશિષ્ટ પ્રવૃત્તિ કરશે. પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ નેપાળની એન્જીનીયરીંગ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીનીઓ વાકેફ થાય તે માટેનો છે.

## સે-૧૨ બલરામ ભવન ખાતે આરોગ્ય સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન આયોજીત, એપોલો હોસ્પિટલના જુદા જુદા રોગના નિષ્ણાત ડોકટરની ટીમ દ્વારા આરોગ્ય સેમિનાર તા. ૨૩ ઓગષ્ટ શનિવારે સાંજે ૩.૩૦ થી ૫.૩૦ કલાકે બલરામ ભવન બેઝમેન્ટ હોલ, ઉમિયા માતાજીના મંદિર પાસે સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. ડૉ. જયેશ પ્રજાપતિ, ડી.એમ. કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ જાણો અને સમજો, ડૉ. રમેશ ગોયલ ડી.એમ. ઈન્ડોક્રીનોલોજીસ્ટ ડાયાબીટીશ-મીઠુ દુઃખદ સ્વપ્ન, ડૉ. સોમેશ દેસાઈ એમ.સી.એસ. ન્યુરોલોજીસ્ટ-કમરના દુખાવાથી કેવી રીતે દુર રહી શકાય વિગેરે રોગથી કેવી રીતે બચી શકાય અને જીવનશૈલી સુધારી રોગ મુકત બની અમુલ્ય જીંદગીને માણી શકાય વિગેરે બાબતો પર પોતાની આગવી શૈલીમાં સુંદર પ્રવચન આપશે તથા શ્રોતાઓના મુંઝવતા પ્રશ્નોનો સચોટ જવાબ પણ આપશે જેથી આ જાહેર પ્રવચનનો ગાંધીનગર શહેરીજનોને સમયસર લાભ લેવા જાયન્ટસ ગૃપના પ્રમુખ બાબુભાઈ એમ. પટેલે અખબારી યાદીમાં જણાવેલ છે.



ગાંધીનગર ટાઉનહોલ ખાતે સોમવારે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા ૨૬મો વિદ્યાપુરસ્કાર વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવાત)

## હરિની દૃષ્ટિ...



ના સાહેબ, મટકી ફોડવા નહોતો ગયો, હું તો જન્માષ્ટમી મહોત્સવના ઓર્ગેનાઇઝરના નાતે મટકી ઊંચામાં ઉંચે લગાવવા ગયો હતો...!!



## જ્ઞાનકુંભ

### - દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં ભુતાનના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
→ **ટીશેરિંગ ટોબગે**
૨. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં અફઘાનિસ્તાનના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
→ **હામિદ કરઝઇ**
૩. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં શ્રીલંકાના કયા પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા ?
→ **રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજપક્ષે**
૪. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશમાંથી કયાં પ્રતિનિધિ ઉપસ્થિતિ રહ્યા હતા ?
→ **સ્પીકર સરીન શર્મીન ચૌધરી**
૫. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં માલદ્વિવમાંથી કયાં પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા ?
→ **રાષ્ટ્રપતિ અબ્દુલા યામીન**
૬. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં મલેશિયાના કયા પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા ?
→ **મલેશિયન રાષ્ટ્રપ્રમુખ નવીન રામ ગુલામ**
૭. ૨૦૧૪માં દેશની પ્રથમ મોનોરેલનો પ્રારંભ કયા રાજયમાં કરવામાં આવ્યો છે ?
→ **મહારાષ્ટ્ર**
૮. દેશની પ્રથમ મોનોરોલ મહારાષ્ટ્રના કયાં શહેરમાં શરૂ કરવામાં આવી છે ?
→ **મુંબઇ**
૯. ૨૦૧૪માં મુંબઈ ખાતે શરૂ થયેલ મોનોરેલ કયાં બે સ્ટેશનો વચ્ચે દોડશે ?
→ **વડાલાથી ચેમ્બુર (૮.૯ કિ.મી. અંતર)**
૧૦. ૨૦૧૪ મુંબઈમાં શરૂ થયેલ મોનોરેલમાં મુસાફરો માટે કઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે ?
→ **સ્માર્ટ કાર્ડ સુવિધા**
૧૧. ૨૦૧૪ મુંબઈમાં શરૂ થયેલ મોનોરેલમાં પ્રાથમિક તબક્કે કુલ કેટલા કોચ (ડબ્બા) લગાવવામાં આવ્યા છે ?
→ **૪ (ચાર)**
૧૨. ૨૦૧૪ મુંબઇ ખાતે શરૂ થયેલ મોનોરેલ લાઇનમાં કુલ કેટલા સ્ટેશનો બનાવવામાં આવ્યા છે ?
→ **૧૮ (અઢાર)**
૧૩. ૨૦૧૪ મુંબઈમાં શરૂ થયેલ મોનોરેલનું સંચાલન કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે ?
→ **મુંબઇ મેટ્રોપોલિયન રિઝન ડેવલોપમેન્ટ ઓથોરિટી**
૧૪. ૨૦૧૪ મુંબઈમાં મોનોરેલનો પ્રારંભ કઇ તારીખે કરવામાં આવ્યો હતો ?
→ **૧ ફેબ્રુઆરી, ૨૦૧૪**
૧૫. ૨૦૧૪માં શ્રમકૌશલ્યપંચમ ગુજરાતના કયાં સ્થળે યોજાયુંહતું?
→ **મહાત્મા મંદિર, ગાંધીનગર**
૧૬. ૨૦૧૪માં ભારતની કઇ મહિલા ખેલાડીએ વિશ્વ મહિલા સિનિયર સ્નૂકર ચેમ્પિયનશીપ જીતી હતી ?
→ **ચિત્રા માર્ગીમેરાજ**
૧૭. ૨૦૧૪માં કયા ભારતીય ગોલ્ફરે ઈન્ડોનેશિયા માસ્ટર્સ ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી હતી ?
→ **અનિબોર્ન લાહીડી**
૧૮. ૨૦૧૪માં BCCI એ કયાં ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરી નાખ્યું છે ?
→ **રાજસ્થાન**
૧૯. ૨૦૧૪માં કઇ ખાનગીક્ષેત્રની બેંકે એક દિવસમાં રક્તસંગ્રહનો નવો વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો છે ?
→ **HDFC Bank**
૨૦. ૨૦૧૪માં દાદાસાહેબ ફાળખે અકાદમી પુરસ્કાર કઇ અભિનેત્રીને પ્રદાન કરવામાં આવ્યો છે ?
→ **જુહી ચાવલા**

# આથમતાં શ્રાવણે નટરાજનું તાંડવયુક્ત નવોદિત વિજ્ઞાન

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આપણી ભક્તિને પણ કદાચ વિજ્ઞાન ઉપાડી જાય એવું બને. પેટન્ટની દુનિયામાં બધું જ માલિકીભાવ અને બજારભાવ સાથે એમ જ જોડાઇ જાય છે! તાંડવનૃત્યને આપમે ભક્તિભાવથી નમતાં રહ્યા છીએ અને ભૌતિકવિજ્ઞાને તેમાં રહેલી સૃષ્ટિના રહસ્યની દીવાદાંડી જોઇ. હવે ચાલો પગ મૂકીએ ૪૨ વર્ષ પહેલાનાં કાલખંડમાં...

૧૯૭૨માં અમેરિકાનાં નામાંકિત ભૌતિકવિજ્ઞાનિક ફ્રિટજોફ કાપ્રાએ એક જર્નલ **'Main Currents in Mordern Thoughts'** માં **'The Dance of the Shiva : The Hindu view of the matter in the light of Mordern Physics.'**મનો એક સંશોધન પત્ર લખ્યો. જેમાં અણુશક્તિ (અણુકણો)ની ગતિ બધી દિશાઓમાં થાય છે તેવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. તેણે આ વિચારને એક પુસ્તક સ્વરૂપે ૧૯૭૫માં પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યો. તે સમયે વૈશ્વિક શ્રેષ્ઠ વેચાણના તમામ આંકડા તે પુસ્તકે પાર કરેલા. તેમાં પ્રગટ કરેલા કેટલાક વિચારો નટરાજનનાં નૃત્ય સાથે તાલ મિલાવે છે. તે કહે છે : 'વર્ષો પહેલાં ભારતીયીએ વિવિધ મુદ્રાઓ ધારણ કરીને નૃત્ય કરતાં શિવનું શિલ્પ રચ્યું હતું. આધુનિક ભૌતિક વૈજ્ઞાનિકો અણુકણોનાં નૃત્યની વાત વર્ણવે છે. શિવનાં નૃત્યનું અણુકણોનાં નૃત્ય વચ્ચે અનુસંધાન સાધી શકાયું છે. નટરાજ જીવન અને મૃત્યું બંનેનો અનુભવ એકસાથે કરાવે છે. આધુનિક ભૌતિક વિજ્ઞાને સ્થાપિત કર્યું છે કે નિર્જીવ પદાર્થોનો પણ જન્મ અને મૃત્યુ હોય છે.'

તેથી શિવજીનું તાંડવનૃત્ય એ અણુશક્તિના કણોનું જ એક પ્રતિસ્વરૂપ છે. શિવલિંગ કે શિવપીંડી શાંતિ, ચૈતન્ય, આનંદ અને શક્તિનું ઉદ્‌ભવ સ્થાન છે. અમેરિકન વિજ્ઞાનિકને સમુદ્રના મોજાના નૃત્યમાં, સૂર્યકિરણોમાં સમાયેલા નૃત્ય અને વિશ્વ આખામાં પ્રતિક્ષણ ચાલતું નૃત્ય બધું જ એક કક્ષાએથી પ્રવાહમાન લાગે છે. ભારતીય સંતોએ વર્ષો પહેલાં જોઇ લીધું હતું કે વિશ્વ એ સતત ચાલતી ક્રિયા છે. જીવન અને મૃત્યુ સતત ચાલે છે. પેલા અણુકણો પણ સતત દોડતા રહે છે. પ્રતિક્ષણે જીવન અને મૃત્યુની દોડમાં અણુકણો ભાગે છે. આ ભૂમંડળનું નૃત્ય એ **(Cosmic Dance)** જાણે કે શિવનું તાંડવ નૃત્ય છે. આ અણુકણોને ઓળખી કઢાયા છે તેમની જવાબદાર છે પ્રવૃત્તિ માટે, અણુઓ વિવિધ તત્ત્વો સંયોજનો અને માનવ શરીર પણ તેનો જ એક હિસ્સો છે. આપણી આસપાસનું જગત સતત બદલાતું રહે છે. દરેક કણ વિકસવા અને સર્જન કરવા આપણી આસપાસ તૈયારી કરતો હોય છે. પૂર્વ વૈજ્ઞાનિકો ૭૨ તત્ત્વોનો સ્વીકાર કરતા હતા. ૭૨ તત્ત્વો એકબીજાથી અલગ હતા. આધુનિક વિજ્ઞાન ૧૧૦ તત્ત્વો સુધી પહોંચ્યું છે. દ્રવ્ય એન ઉર્જા બંને તત્ત્વતઃ જુદા નથી.

આધુનિક ભૌતિક વિજ્ઞાન અદ્વૈત સિદ્ધાંતની ખૂબ નજીકનું છે. અદ્વૈતદર્શન મુજબ બ્રહ્મતત્ત્વ એક જ સત્ય અથવા સનાતન છે બીજું બધું બદલાતું (જીવન - મૃત્યુ) રહે છે. પ્રકાશની ગતિ પૂર્ણ છે. પ્રકાશની ગતિ છેવટે તો તે કયા માધ્યમમાંથી પસાર થાય છે તેના પર આધાર રાખે છે.

૨૦૧૨માં 'ગોડ પાર્ટિકલ'ની શોધ અંગે ખૂબ પ્રચાર થયો. પણ તેની સાથે જોડાયેલી એક ઘટના વધુ પ્રકાશમાં આવી નથી. ૫૦ વર્ષોમાં મહેનત પછી 'હિગ્ઝ બોઝોન' શોધી કઢાયા. બ્રિટનના પીટર હિગ્સ અને ભારતના સત્યેન્દ્રનાથ બોઝ દ્વારા ૧૯૬૪માં પાંચ મુખ્યતત્ત્વોથી (પંચમહાભૂતોથી) અલગ કોઇ તત્ત્વ વિશે પ્રથમવાર વિચારણા થઇ. નોબેલ વિજેતા લિઓન લેડરમેને કહ્યું કે 'આ ગોડ પાર્ટિકલ્સ' ખરેખર શોધવા અત્યંત દુષ્કર છે.

આ વૈશ્વિક અને ખૂબ લાંબી ડગરવાળા પ્રયોગમાં ૧૦ બિલિયન ડૉલર (૨૦હજાર કરોડ રૂપિયા) વપરાયા. પ્રયોગ માટે ૨૭ ફૂટ લાંબી ટનલ બનાવાઇ. ૨૦૦૦ જેટલા ચુનંદા વૈજ્ઞાનિકો આખા વિશ્વમાંથી અહીં પ્રયોગવીર બની આવ્યા હતા, જેમાં ભારતનાં ૨૦૦ વૈજ્ઞાનિક પણ જોડાયા હતા. વર્ષો સુધી આ પ્રયોગ પૂર્ણતા સુધી પહોંચી ન શક્યો. પ્રયોગની પૂર્તતા માટે ૨૦૦૪માં ભારતના અણુ ઉર્જા વિભાગે બે બ્રોઝની નટરાજની મૂર્તિઓ સી.ઇ.આર.એન. ને મોકલાવી. પ્રશ્ન થાય કે નટરાજની મૂર્તિને આ સંશોધન કેન્દ્ર સાથે શું સંબંધ? નટરાજની આ મૂર્તિએ પ્રયોગશાળામાં નવી વિચારશૈલીને જન્મ આપ્યો. નટરાજની આ મૂર્તિ દિશાઓનો બોધ કરનારી હતી. વૈજ્ઞાનિકો પ્રતિમા સાથે જોડાયેલ સૃષ્ટિ રચનાને સમજવા મથી રહ્યા. તેમણે જોયું શિવજીનો ડાબો પગ ઉમદા રીતે ઊંચો થયેલો છે. જમણો પગ શક્તિથી ઉત્સાહપૂર્વક ધરતીથી અથડાય છે. ડાબો હાથ અગ્નિને હાથમાં લઇ લીધો છે. જમણા હાથમાં ડમરું વાગી રહ્યું છે. માન્યતા એવી છે કે આ ડમરું દ્વારા જ પ્રથમ ધ્વનિનો પ્રારંભ થયો હતો. ધ્વનિનો આ પ્રાદુર્ભાવ દ્રવ્યથી શરૂ થઇ શિવની આસપાસ ફેલાઇ જાય છે. સજીવ-નિર્જીવની આ રમત ચાલ્યા કરે છે. શિવનું નૃત્ય વર્તુળાકાર અગ્નિની આસપાસ ચાલે છે. જાણે કે જગતનો નાશ હમણાં થશે. આમ, શિવતાંડવ એ જીવન - મૃત્યુની અસ્ખલીત ધારા છે. મતલબ કે શિવજી એ જગતની ગતિ અને લયને પામી જનારા દેવાધિદેવ છે અને તે આધુનિક યુગમાં પ્રયોગશાળામાં પણ માનભેર સ્થાન પામી શક્યા છે.

ગીતાપ્રેસ, ગોરખપુરનો ભારતીય સમાજ માટે ઘણો ઉપકાર રહ્યો છે. એક સંસ્થા ઈચ્છે તો સમાજની રગોમાં અને મસ્તિષ્કમાં સ્થાન મેળવી શકે છે. વેદોથી શરૂ કરી વ્રતકથાઓને પ્રકાશિત કરીને આપણને માલામાલ કર્યા છે. એવી જ એક પુસ્તિકા છે સ્રોત રત્નાવલી. જેમાં વિનયસ્રોતો, શિવસ્તોત્રો, વિષ્ણુ સ્રોતો, રામ સ્રોતો, શ્રીકૃષ્ણ સ્તોત્રોને સાનુવાદ આપેલા છે. જેમાં શિવ સ્તોત્રોની યાદીમાં શિવમાનસપૂજા, શ્રીશિવાપરાધક્ષમાપન સ્તોત્રમ્, વેદસારશિવસ્તવઃ, શિવાષ્ટક, શિવપંચાક્ષર સ્તોત્રમ્, દ્વાદશ જયોતિલિંગાનિ દ્વાદશજયોતિલિંગ સ્તોત્રમ્, શિવતાંડવસ્રોત્રમ્, રુદ્રાષ્ટકમ્, પશુપત્યષ્ટકમ્ અને વિશ્વનાથાષ્ટકમ્ જેવા આરાધના સ્રોતો આપેલાં છે.

માનવમનમાં રહેલી ભયગ્રંથી તેની આદિમ માનસિકતા વ્યક્ત કરે છે. ભયમાંથી જ સુરક્ષાના ઉપાયોગ શોધવાનું શરૂ થાય છે. તે ઉપાયોમાનો પહેલો ઉપાય છે કોઇ દૈવીશક્તિના શરણમાં જવું. દિવ્યતા એ વિજ્ઞાનની શક્તિઓ માટે સીધું ચઢાણ છે. હજુ મનોવિજ્ઞાને માનવમનની ઘણી આંટીઘૂંટીને સમજવાની બાકી છે. મનોવિજ્ઞાન અસામાન્ય સંબંધોનો સાચવી લે છે. પણ સામાન્ય સંજોગોમાં મનની કેવી જરૂરિયાતો છે તે દિશામાં મનોવિજ્ઞાને પ્રગતિ કરવાની બાકી છે. જેમ કે, અસુરક્ષાનો ભાવ અનુભવતું મન શાંતિ કયાં અનુભવે? તે મોટો પ્રશ્ન છે. તેનો જવાબ ભક્તિ વિના આપવો અશક્ય. શ્રીમતભગવદગીતા મનને બંધન અને મુક્તિનું કારણ માને છે અને તેના ઉપાયરૂપે અભ્યાસ (શાસ્રીય) અને વૈરાગ્ય (જગત પ્રત્યે માલિકીભાવ નહીં પણ સેવકભાવ) ને સ્વીકારવા જણાવે છે. સ્તોત્રો આ પગથિયાંમાં મનનું સૌથી કારગત ઔષધ છે. શિવતાંડવસ્રોત્ર જ્ઞાન-વિજ્ઞાનસંમત વાત કરે છે. પ્રથમ મંત્ર વિકાસોને કાબુમાં લેનાર સર્પોની માળાને ધારણે કરનાર, ડમરુમાંથી ઉદ્‌ભવતો શબ્દનાદ સૌનું કલ્યાણ કરનાર છે. પંદર મંત્રોમાં અલગ અલગ વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે જેમ કે, ડમરુંનો ઘોષ, જટાનો વેગ, દિશાઓને પ્રકાશીત કરનાર, ભૂતનાશ (સચરાસર ભૂતમાત્રના નાથ), જગતના નમસ્કાર, કામદેવને નષ્ટ કરનાર, શ્યામ કંઠ, સર્વનો નાશ કરનાર, વિષનું પાન કરનાર મધુર. આ બધામાં જગત ઉદ્‌ભવ અને નાશની સામગ્રી સાથે વણી લીધી છે. રસ ધરાવતા વિજ્ઞાનમિત્રોએ આ સ્રોતોનો વિજ્ઞાનની દુનિયા માટે પણ ઉપયોગમાં લેવા જેવું છે. આરાધ્યના વિજ્ઞાન સંમત તથ્યો સમાજ સમક્ષ મુકી આપવા એ પણ વિજ્ઞાન અને માનવ સમાજની સેવા જ છે.